# Day to Day Current Affairs
## July – 2015

### ❖ ૨૮ જુલાઈ, ૨૦૧૫ (મંગળવાર)

#### 1) ૨૮ જુલાઈ :–

- વર્લ્ડ હિપેટાઈટિસ (કમળો) ડે

#### 2) ડો. એ. પી. જે. અબ્દુલ કલામ :–

- દેશના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ 'ભારત રત્ન' ડો. એ. પી. જે. અબ્દુલ કલામનું ૨૭ જુલાઈના રોજ અવસાન
- મેઘાલયની રાજધાની શીલોંગમાં આઈઆઈએમમાં પ્રવચન આપતી વખતે હદયરોગના હુમલાથી તેમનું નિધન થયું
- તેઓ શિલોંગ આઈઆઈએમમાં 'હું લિવેબલ પ્લેનેટ અર્થ' વિષય પર પ્રવચન આપવાના હતા.
- પુરૂ નામ :– અબુલ પકીર જૈનુલઆબેદીન અબ્દુલ કલામ
- તેમનો જન્મ ઈ.સ. ૧૯૩૧ની ૧૫ ઓક્ટોબરે તામિલનાડુના રામેશ્વરમના એક ગરીબ મુસ્લીમ પરિવારમાં થયો હતો.
- પોખરણ અણુ ધડાકા તેમજ 'અગ્નિ' અને 'પૃથ્વી' મિસાઈલો તૈયાર કરવામાં મહત્વનું યોગદાન આપનાર કલામને 'મિસાઈલમેન' નું બિરૂદ મેળવ્યું હતું.
- તેમણે ફિઝીકસમાં ગ્રેજયુએશન કર્યા બાદ એરોનોટીકલ એન્જિનિયરિંગનો અભ્યાસ કરેલો છે.
- કરિયરની શરૂઆતમાં તેમણે ડીઆરડીઓમાં કામ કરેલું ત્યારબાદ ઈ.સ. ૧૯૬૩ થી ૧૯૮૨ આ ૧૯ વર્ષ સુધી ઈસરોમાં સેવા આપી હતી.
- ભારતનો પહેલો સ્વદેશી એસએસવી – ૩ બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી.
- ડો. કલામે ઈ.સ. ૧૯૮૦ની સાલમાં ભારતનો પહેલો ઉપગ્રહ રોહિણીને ભ્રમણ કક્ષામાં મુકી આપ્યો હતો.
- દેશ – પરદેશની વિવિધ ૪૦ યુનિવર્સિટીઓમાંથી તેમને ડોકટરેટની માનદ ડિગ્રી મળી હતી.
- ઈ.સ. ૧૯૯૨ થી ૧૯૯૯ સુધી ડો. કલામ વડાપ્રધાનના મુખ્ય વિજ્ઞાન સલાહકાર અને ડીઆરડીઓના સચીવ તરીકે સેવા આપી આ સમય દરમિયાન પોખરણ – ૨ પરમાણુ પરીક્ષણના તે પ્રોજેકટ કો.ઓર્ડીનેટર હતા.
- ઈ.સ. ૨૦૦૨ થી ૨૦૦૭ સુધી ભારતના ૧૧ માં રાષ્ટ્રપતિ તરીકે સેવા આપી.
- રાષ્ટ્રપતિની ચૂંટણીમાં તેમની સામે કેપ્ટન લક્ષ્મી સેહગલ ઉભા હતા જેમા ૧૮ જુલાઈ, ૨૦૦૨ ના રોજ ૧,૦૭,૩૬૬ મતોએ જીતીને ભારતના ૧૧ માં રાષ્ટ્રપતિ બન્યા.
- ભારતને ૨૦૨૦ સુધી માં વિકસિત બનાવવા તેમણે 'ઈન્ડિયા – ૨૦૨૦' નામે પુસ્તક લખ્યુ છે જેમાં શું શું કરી શકાય તેનું માર્ગદર્શન છે.
- 'ઈગ્નાઈટેડ માઈન્ડસ' અને 'વિંગ્સ ઓફ ફાયર' તેમના બેસ્ટ સેલર પ્રકાશનો છે.
- વર્ષ – ૧૯૮૧ માં તેમને પદ્મભૂષણ, ૧૯૯૦માં પદ્મવિભૂષણ અને વર્ષ – ૧૯૯૭ માં તેઓ દેશના સર્વોચ્ચ નાગરિક સન્માન 'ભારત રત્ન' થી સન્માનિત થયા.
- સરકારે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડો. કલામના સન્માનમાં સાત દિવસનો શોક જાહેર કર્યો છે. તેમજ સંસદનું કાર્ય બે દિવસ માટે મોકુફ રાખવામાં આવ્યું
- તેમના નિધનના કારણે ૩૦ તારીખે નવસારીના ભીનાર ખાતે યોજાનારો ૬૪ મો રાજયકક્ષાનો વન મહોત્સવ કાર્યક્રમ પણ મોકુફ રાખવામાં આવ્યો.
- તેમની અંતિમ વિધિ તેમના વતન રામેશ્વરમમાં જ ૩૦ જુલાઈના રોજ કરવામાં આવશે.
- બિહાર સરકારે કલામના માનમાં કિશનગંજમાં આવેલી રાજયની કૃષિ યુનિવર્સિટીને એપીજે અબ્દુલ કલામ નામ આપ્યું અને તેમના નામે સાયન્સ સીટી પણ ખોલવામાં આવશે.
- તેઓ ડો. વિક્રમ સારાભાઈને તેમના ગુરૂ માનતા હતા.
- વર્ષ – ૨૦૦૨ થી ૨૦૦૭ દરમિયાન તેઓ જયારે દેશના સર્વોચ્ચ પદે હતા ત્યારે ખુબ જ ચાહના મેળવી 'પીપલ્સ રાષ્ટ્રપતિ'નુ બહુમાન મેળવ્યું હતું.
- તામિલાનાડુ સરકાર પૂર્વ રાષ્ટ્રપતિ કલામના નામે 'એ.પી.જે.અબ્દુલ કલામ એવોર્ડ' ચાલુ કરશે જેમા ઈનામ સ્વરૂપે ૮ ગ્રામ સોનાનો મેડલ, એક પ્રમાણપત્ર અને પાંચ લાખ રૂ. રોકડા એનાયત કરાશે.
- આ એવોર્ડ રાજયના નિવાસીને વૈજ્ઞાનિક ક્ષેત્રે માનવતા માટે કે વિદ્યાર્થીઓના કલ્યાણ માટે ઉત્કૃષ્ટ કાર્ય કરવા બદલ આપવામાં આવશે.
- એવોર્ડ ઉપરાંત તેમના જન્મદિવસ ૧૫ મી ઓક્ટોબરને 'યુવા નવજાગૃતી દિવસ' તરીકે પણ ઉજવાશે.

#### 3) રામસેવક શર્મા :–

- રામસેવક શર્માને ટ્રાઈના નવા ચેરમેન નિયુકત કરવામાં આવ્યા છે
- તેમની નિમણૂંક ત્રણ વર્ષ માટે કરવામાં આવી છે.
- TRAI :– ટેલીકોમ રેગ્યુલેટરી ઓથોરીટી ઓફ ઈન્ડિયા
- શર્મા ૧૯૭૮ બેચના આઈએએસ અધિકારી છે

#### 4) રાજયમાં ફરજિયાત મતદાન અમલી:–

- રાજય સરકાર દ્વારા ફરજિયાત મતદાન માટેનો કાયદો ૧૭ જુલાઈ થી અમલી બની ગયો છે.

Vivekanand Academy, Gandhinagar

- હવે પછી યોજાનાર તમામ પંચાયત – પાલિકાની ચૂંટણીમાં તેનો અમલ થશે.
- આ માટેના નીતિ નિયમો હજુ સરકારે જાહેર કર્યા નથી જે ચૂંટણી પહેલા જાહેર કરશે.

## 5) ગુજરાત વિધાનસભાનું ચોમાસુ સત્ર :–

- ગુજરાત વિધાનભાસનું ચોમાસુ સત્ર ૨૬, ૨૭ અને ૨૮ ઓગસ્ટ એમ ત્રણ દિવસ માટે મળશે.

## 6) પ્રો. રેસલીંગ લીગ :–

- ભારતીય કુસ્તી મહાસંઘ અને પ્રો સ્પોર્ટિફાઈએ પ્રોફેશનલ કુસ્તી લીગનું લોન્ચિંગ કર્યુ.
- આ લીગની પ્રથમ સિઝનનું આયોજન ૮ નવેમ્બરથી ૨૯ નવેમ્બર દરમિયાન થશે.
- આ ૨૧ દિવસ દરમિયાન ૧૮ મુકાબલા થશે.
- આ લીગમાં કુલ ૬ ટીમ રહેશે અને પ્રત્યેક ટીમમાં ૧૧ ખેલાડીઓ હશે, જેમાંથી ૬ પુરૂષ અને પાંચ મહિલા ખેલાડી હશે.
- એક ટીમમાં ૬ ભારતીય અને પાંચ વિદેશી ખેલાડી હશે.
- ભારતના સ્ટાર રેસલર સુશીલ કુમાર અને યોગેશ્વર દત જેવા ઓલિમ્પિકસ મેડલ વિજેતા ખેલાડીઓ પણ આ લીગમાં ભાગ લેશે.
- આ ટૂર્નામેન્ટમાં કુલ ૬૬માંથી ૩૬ ભારતીય અને ૩૦ વિદેશી પહેલવાન હશે.
- ચેમ્પિયન ટીમને ઈનામ સ્વરૂપે ત્રણ કરોડ રૂપિયા મળશે.
- આ લીગનો લોગો દિલ્હી સ્કુલ ઓફ આટર્સના બધિર વિદ્યાર્થીઓએ તૈયાર કર્યો છે.

Vivekanand Academy, Gandhinagar